# ગરબા પર ટેક્સનો મુદ્દો વિધાનસભામાં ગાજ્યો

## ગરબા ટેક્સ મુદ્દે વિરોધ : કોંગ્રેસના પરેશ ધાનાણી ગરબા ટેક્સ મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો

ગાંધીનગર,તા.૨૧

નવરાત્રી નજીક છે. અને ગરબાના તાલે ઝુમવા ખેલૈયાઓ તૈયાર છે. પણ આ વર્ષે દરેક સ્ટેપ ખેલૈયાઓને મોંઘો પડવાનો છે. કેમ કે જીએ ગરબાને પણ બાકાત નથી રાખ્યા. ગરબાના રંગને જીએસટી ફિક્કો પાડી રહ્યો છે. શેરી ગરબાના આયોજન સિવાય અન્ય કોઈ જગ્યાએ એટલે કે પાર્ટી પ્લોટમાં થતાં ગરબા પર ૧૮% GST ઝીંકી દેવામાં આવ્યો છે. જેથી નવરાત્રીમાં ગરબા પર ટેક્સનો મુદ્દો આજે વિધાનસભામાં ગાજ્યો હતો.ગુજરાતમાં માલ અને સેવા વેરા સુધારા વિધેયક બહુમતીથી પસાર થઈ ગયું છે. જેની ચર્ચા દરમિયાન કોંગ્રેસના સિનિયર નેતા પરેશ ધાનાણી ગરબા ટેક્સ મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો. અને કહ્યું હતું કે ગરબા પર પણ સરકાર ૧૨થી ૧૮% જેટલો ટેક્સ લઈ રહી છે. તે દુભાગ્યપૂર્ણ વાત છે. જેના જવાબમાં નાણામંત્રી કનુ દેસાઈએ ગરબા પર ટેક્સ મામલે સ્પષ્ટતા કરતાં કહ્યું કે શેરી ગરબા પર કોઈ ટેક્સ નથી લેવામાં આવતો. કોરોના ના બે વર્ષ પછી રાજ્ય માં નવરાત્રી મહોત્સવ ના આયોજનો થઈ રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકારે ગરબા આયોજન ના પાસ પર પણ ૧૮ ટકા જીએસટી લાગુ કરતા ભારે વિરોધ થવા પામ્યો હતો. ગરબામાં આયોજન ખર્ચ,ચણીયા ચોળી અને અન્ય વસ્તુઓ પણ જીએસટીમાં ભાવમાં ૨૦ થી ૩૦%નો વધારો જોવા મળ્યો છે. ચણિયા ચોળી પર ૫ ટકાથી ૧૨ ટકાનો જીએસટી લાગી રહ્યો છે. જેમાં ૧,૦૦૦થી નીચેની ચણિયાચોળી પર ૫ ટકા અને ૧,૦૦૦થી વધુની ચણિયાચોળી પર ૧૨ ટકાનો જીએસટી લાગી રહ્યો છે. જોકે સરકારે જ્યારથી જીએસટી લાગુ કર્યો છે ત્યારથી જ ચણિયાચોળી પર જીએસટી લેવાઈ રહ્યો છે. મોંઘવારીનો માર સહન કરી રહેલા ગરબા રસિકોમાં નારાજગી જોવા મળી રહી છે. રાજ્યમાં યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આ વર્ષે ૧૧ સ્થળોએ નવરાત્રીની ઉજવણી કરાશે. ત્યારે એકવાર ફરી નવરાત્રીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા ખેલૈયાઓ ઝૂમવા તૈયાર થઈ જજો. રાજ્યમાં આ વર્ષે ૮ જિલ્લાના ૧૧ સ્થળોઓ ઉજવણી કરાશે. જેમાં અમદાવાદ, કચ્છ, બનાસકાંઠા, મહેસાણા અને પંચમહાલ સહિતના જિલ્લાઓમાં નવરાત્રીની ઉજવણી કરાશે. તદુપરાંત મંદિરોની વાત કરીએ તો ભદ્રકાળી મંદીર, અંબાજી મંદિર, આશાપુરા મંદીર અને પાવાગઢ સહિતના મંદિરોમાં આ વર્ષે નવરાત્રીની ભવ્ય ઉજવણી થશે. રાજ્ય સરકાર દ્વારા જે ઉજવણી કરવામાં આવશે તેમાં અનુરાધા પોંડવાલ, ઓસ્માન મીર અને કિર્તીદાન ગઢવી સહિતના કલાકારો ઉપસ્થિત રહેશે.




ગાંધીનગર આજકાલ આંદોલનકારીઓનું ગઢ બનતુ જાય છે. દરરોજ નીતનવા આંદોલનો થઈ રહ્યા છે. વર્ગ-૩ અને વર્ગ-૪માં રહેમરાહે નોકરી આપવાની માંગ ઉપરાંત એસઆરપીની બાકી રહેલી ભરતીમાં નિમણૂંક આપવાની માંગ સાથે યુવાનો ગાંધીનગર ઉમટી પડ્યા હતા અને પોસ્ટરો લઈ દેખાવો કર્યા હતા.

# એસ.ટી.નિગમના કર્મચારીઓના ભથ્થાઓમાં નોંધપાત્ર વધારો

### ૧૧ % મોંઘવારી ભથ્થાના એરીયર્સની રકમ ત્રણ હપ્તામાં ચુકવવામાં આવશે :ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં બે હજારનો વધારો

ગાંધીનગર, તા.૨૧

વાહન વ્યવહાર મંત્રી પુર્ણેશભાઈ મોદીએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારના જી.એસ. આર.ટી નિગમ હસ્તકના કર્મચારીઓના મળતા ભથ્થામાં રાજ્ય સરકાર દ્વારા નોધપાત્ર વધારો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

મંત્રી મોદીએ ઉમેર્યું કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એસટી નિગમના કર્મચારીઓની જે રજૂઆતો હતી તેને ધ્યાને લઈને ત્રણેય માન્ય યુનિયનોના હોદ્દેદારો સાથે બેઠક બાદ તમામની સહમતીથી માંગણીઓ નો હકારાત્મક ઉકેલ તેમજ પગારમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ફિક્સ પગારના કર્મીઓના વેતનમાં રૂપિયા ૨,૦૦૦ સુધીનો વધારો કરાયો છે. ડ્રાઈવર અને કંડકટરના ગ્રેડ–પેની અમલવારી કરીને તે મુજબનું ચુકવવાનું બાકી એરીયર્સ તા. ૦૧ ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં ચુકવવામાં આવશે. નિગમના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ૧૧ % અસર સપ્ટેમ્બર-૨૦૨૨ અને પેઈડ ઈન ઓકટોબર ૨૦૨૨માં અસર આપવામાં આવશે. જયારે બાકી ૩ % મોંઘવારી ભથ્થાની અસર તા.૦૧ ફેબ્રુઆરી ૨૦૨૩થી આપવામાં આવશે.

આ ૧૧ % મોંઘવારી ભથ્થાના એરીયર્સની રકમ ત્રણ હપ્તામાં ચુકવવા નકકી કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ હપ્તો – ૨૪ ઓકટોબર ૨૦૨૨ સુધીમાં,બીજો હપ્તો – ૧૪ જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં જ્યારે ત્રીજો હપ્તો – ૨૫ એપ્રિલ ૨૦૨૩ સુધીમાં આપવામાં આવશે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

# ખેડૂતોના પાકને ૩૩ ટકાથી વધુ નુકસાનીમાં સરકાર સહાય ચૂકવશે

### ખેડૂતોની દિવાળી સુધરશે : વરસાદથી પ્રભાવિત ૯ જિલ્લાઓમાં સર્વે પુર્ણ કરી દેવામાં આવ્યો છે સરકારને તમામ રિપોર્ટ સોંપી દેવાની તજવીજ પણ હાથ ધરાઇ છે

બનાસકાંઠા,તા.૨૧

રાજ્ય માં અતિવૃષ્ટિના કારણે કૃષિ પાકને થયેલા નુકસાનીમાં ખેડૂતોને સહાય ચૂકવાશે. ગત જુલાઇ મહિનામાં ગુજરાત સરકારે જાહેરાત કરી હતી કે ખેડૂતોના પાકને ૩૩%થી વધુ નુકસાનીમાં જ સરકાર સહાય ચૂકવશે. આ ચોમાસા દરમિયાન વરસાદથી પ્રભાવિત ૯ જિલ્લાઓમાં સર્વે પુર્ણ કરી દેવામાં આવ્યો છે. સરકારને તમામ રિપોર્ટ સોંપી દેવાની તજવીજ પણ હાથ ધરાઈ છે.

તે બાદ વરસાદના બીજા રાઉન્ડમાં બનાસકાંઠા, જામનગરમાં ખેતીને ભારે નુકસાન થયું હતું. જેની ચર્ચા આજે વિધાનસભા સત્રમાં કરવામાં આવી હતી. આ બંને જિલ્લાઓના ખેડૂતોને પણ સહાયનો ટેકો મળે તેવી રજૂઆત કરવામાં આવી. જેના જવાબમા વિધાનસભામાં રાઘવજી પટેલે નિવેદન આપતા કહ્યું હતુ કે કૃષિમાં નુકસાનીનો અહેવાલ મહિનાના અંતમાં આવી જશે. ખેડૂતોને નિયમ મુજબ સહાય આપવામાં આવશે તેવો કૃષિમંત્રીએ દાવો પણ કર્યો છે.

રાજ્યમાં મહેસૂલ, કૃષિ અને નાણા વિભાગના સંકલનના સહાય પેકેજ નક્કી કરાશે. ૩૩%થી વધુ નુકસાનીમાં જીઢઇહ્વના નિયમોને આધારિત સહાય ચૂકવાશે. જો કે, બિયારણનું ધોવાણ થવા પર સરકાર દ્વારા સહાય નહીં ચૂકવવામાં આવે.

રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ, તાપી, સુરત તેમજ મધ્ય ગુજરાતના છોટા ઉદેપુર, નર્મદા, પંચમહાલ, કચ્છ મળી કુલ ૯ જિલ્લાઓના ૩૮થી વધુતાલુકાઓમાં કૃષિ પાકો અસરગ્રસ્ત થયા હતા.અસરગ્રસ્ત તાલુકાઓના કુલ ૧૨૦ સર્વે ટીમ દ્વારા સર્વેની કામગીરીએ લાગી હતી. આશરે ૪૦૦૦થી વધુ ગામડામાં પાક નુકસાનીનો સર્વે કરવામાં આવ્યો છે.

ગુજરાતના ખેડૂતોના રિપોર્ટકાર્ડમાં પરિસ્થિતિ કંઈક અલગ જ સામે આવી છે. બે વર્ષમાં ગુજરાતના ખેડૂતોનું દેવું વધ્યું છે. ગુજરાતના ખેડૂતોની લોન પણ વધી છે. ગુજરાતનો ખેડૂત દેવાદાર બન્યો છે. કૃષિ ક્રેડિટના રિપોર્ટ પ્રમાણે બે વર્ષમાં કૃષિ ક્રેડિટ ૩૨ ટકા વધી છે. તો એગ્રીકલ્ચર ક્રેડિટ હેઠળની લોન ૪૫ ટકા વધી છે.૨૦૧૯-૨૦માં ગુજરાતમાં કૃષિ ક્રેડિટ ૭૩ હજાર ૨૨૮ કરોડ હતી જે ૨૦૨૧-૨૨માં ગુજરાતમાં કૃષિ ક્રેડિટ વધીને ૯૬ હજાર ૯૬૩ કરોડ થઈ. ખાતા દીઠ એગ્રિકલ્ચર લોન ૧.૭૧ લાખથી વધી ૨.૪૮ લાખ રૂ. થઇ ગઈ છે. બે વર્ષમાં ખેડૂતોના ખેતીને લઈને પડકારો પણ રહ્યાં છે. તૌકતે વાવાઝોડાથી લઈને અનરાધાર વરસાદે ખેતરોને તબાહ કર્યા છે. વળતરના નામે પણ ખેડૂતોના કહેવા પ્રમાણે ખાસ સહાય મળતી નથી. તેવામાં બે વર્ષમાં ખેડૂતોને ખેતી માટે જરૂરી બિયારણ,ખાતર કે પછી જરૂરી દવાઓના ખર્ચમાં પણ નોંધપાત્ર ફેરફાર આવ્યો છે.

# વિધાનસભાના દિવંગત પૂર્વ-સભ્યોને વિધાનસભા સત્રના પ્રથમ દિવસે શોકાંજલિ અપાઈ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, અધ્યક્ષ ડો. નિમાબહેન આચાર્ય, વિરોધ પક્ષના નેતા સહિત સભ્યોએ પાઠવી દિલસોજી

ગાંધીનગર, તા.૨૧

ચૌદમી ગુજરાત વિધાનસભાના ૧૧મા સત્રના પ્રથમ દિવસે ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહના દિવંગત પૂર્વ સભ્યોના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી ભગુભાઈ ગોમાનભાઈ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. તારાચંદ જગદીશભાઈ છેડા તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. સુરેન્દ્રસિંહ નેત્રપાલસિંહ રાજપૂત, સ્વ. ઘનશ્યામભાઈ વેલશીભાઈ ઠક્કર, સ્વ. ઈશ્વરભાઈ નરસિંહભાઈ વહિઆ, સ્વ. મગનસિંહ ચિમનસિંહ વાઘેલા અને સ્વ. ભરતભાઈ વશરામભાઈ ખોરાણીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખોમાં આ સૌ દિવંગત સભ્યોની જાગતિક જન પ્રતિનિધિ અને પ્રજા સેવક તરીકેની સેવા ભાવના, કર્તવ્ય પરાયણતાનું સ્મરણ કર્યું હતું. વિધાનસભા અધ્યક્ષ ડો.નીમાબહેન આચાર્ય એ પણ દિવંગત પૂર્વ સભ્યોને અંજલિ આપી હતી. મુખ્યમંત્રીએ આ સૌ દિવંગત સભ્યોના આત્માની શાશ્વત શાંતિ માટે પ્રાર્થના કરી હતી. વિરોધપક્ષના નેતા સુખરામભાઈ રાઠવા, રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓએ તેમજ સત્તા પક્ષ અને પ્રતિપક્ષના ધારાસભ્યઓએ પણ આ દિવંગત સભ્યોને ભાવાંજલિ આપી હતી. સમગ્ર સભાગૃહે બે મિનિટનું મૌન પાળીને દિવંગત પૂર્વ સભ્યોના આત્માની શાંતિની પ્રાર્થના કરી હતી.

# સારા વરસાદથી કપાસના ભાવમાં તોતિંગ ઉછાળો

### રોજની ૧૦ થી ૧૫ હજાર મણ કપાસની આવક થઈ રહી છે ખેડૂતોને હરાજીના ભાવ ૧૫૦૦થી ૨૧૦૦ સુધી મળી રહ્યા

બોટાદ,તા.૨૧

સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા બોટાદના કોટન યાર્ડમાં કપાસની આવક શરૂ થઈ ગઈ છે. રોજની અહીંયા ૧૦ થી ૧૫ હજાર મણ કપાસની આવક થઈ રહી છે. ખેડૂતોને હરાજીના ભાવ રૂ.૧૫૦૦થી ૨૧૦૦ સુધી મળી રહ્યા છે, જેથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. આગામી દિવસોમાં યાર્ડમાં ૧ લાખ મણ કપાસની આવક થશે. સૌરાષ્ટ્રમાં ખેડૂતો મુખ્યત્વે કપાસનું વાવેતર કરતા જોવા મળે છે. ત્યારે સોરાષ્ટ્રનું સૌથી મોટું કોટન યાર્ડ બોટાદમાં આવેલ છે, જ્યાં સીઝનમાં ૧ લાખ મણ કપાસની આવક થતી હોઈ છે અને ખેડૂતો બોટાદ જિલ્લા સહિત અન્ય જિલ્લામાંથી કપાસ વેચવા માટે આવતા હોઈ છે.

હાલ છેલ્લા ૧૦ દિવસથી અહીંયા કપાસ વેચવા માટે ખેડૂતો આવી રહ્યા છે. જ્યાં રોજની ૧૦ થી ૧૫ હજાર મણ કપાસની આવક થઈ રહી છે અને હરાજીમાં ખેડૂતો ને રૂ. ૧૫૦૦ થી ૨૧૦૦ સુધીના ભાવ મળી રહ્યા છે. જેને લઈ ખેડૂતો ને સારો ભાવ મળતા આનંદ જોવા મળી રહ્યો છે બીજી તરફ યાર્ડમાં આગામી દિવસોમાં કપાસ ની મોટી સંખ્યામાં આવક થશે.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ફરતા ગરબા સ્પર્ધાનું આયોજન

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા નવરાત્રિ નિમિત્તે “ફરતા ગરબા” સ્પર્ધાનું આયોજન તા. ૩૦-૯-૨૨ને શુક્રવારે બપોરના ૧.૩૦ કલાકે ભારતમાતા મંદિર, સેક્ટર-૭ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં નગરની બહેનો તેમજ સભ્ય થયેલ તમામ બહેનો મોટી સંખ્યામાં ભાગ લે એમ પ્રમુખ પ્રતિભાબેન દવે અને મહામંત્રી અલ્પાબેન ગોરે અખબારી યાદીમાં જણાવ્યું છે. આયોજન સારી રીતે કરી શકાય માટે જે બહેનો ભાગ લેવાની હોય તેમણે કમીટિની બહેનો પાસે નામ નોંધવવા જરૂરી છે. જે માટે કમિટીના સભ્યોનો સંપર્ક સાધવા જણાવ્યું છે. કમિટીના સભ્યોમાં પ્રતિભાબેન દવે મો. ૯૧૦૬૮ ૨૮૨૦૯ પ્લોટ નં. ૧૮૧/૨, સેક્ટર-૬-બી, અલ્પાબેન ગોરનો મો. નં. ૯૪૦૮૦૫૮૪૦૧ પ્લોટ નં. ૧૧/૨, સેક્ટર-૨, દેવીબેન શુક્લનો મો. ૬૩૫૫૫ ૧૪૬૮૪ સેક્ટર-૨, ગાંધીનગર, આરતીબેન દવેનો મો. ૬૩૫૪૧ ૫૬૬૬૮ પ્લોટ નં. ૬૨/૨, સેક્ટર-૩-એ, રાજશ્રીબેન ગાંધીનો મો. ૯૪૨૯૨ ૦૨૪૭૧ પ્લોટ નં. ૨૭૫/૧, સેક્ટર-૭-એ અથવા મીનાક્ષીબેન પારેખનો મો. ૭૫૬૭૮ ૩૭૭૫૧ પર સંપર્ક સાધી શકાશે.

## હેરોઈન જપ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની તપાસ નહોતી કરવામાં આવી.

દિલ્હી પોલીસ દ્વારા થોડા દિવસ પહેલા જ ૧૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. સ્પેશિયલ સેલે બે અફઘાન નાગરિકોની ધરપકડ કરીને નાર્કો ટેરરનું મોટું ષડયંત્ર નાકામ કરવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. ગુપ્ત સૂચના પ્રમાણે મુંબઈ સ્થિત નાવા શેવા પોર્ટ પરથી ૧,૭૨૫ કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. પૂછપરછ દરમિયાન અફઘાન નાગરિકોએ ખુલાસો કર્યો હતો કે, મુંબઈ પોર્ટ પર પણ કન્ટેનરમાં ડ્રગ છે. આ સૂચનાના આધારે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલની ટીમ તપાસ કરવા માટે મુંબઈ પહોંચી હતી જ્યાં ૨૦ ટન હેરોઈન મળી આવ્યું હતું.

આ મામલો ખૂબ જ ગંભીર ગણાવવામાં આવી રહ્યો છે કારણ કે, ૨ દિવસ પહેલા જ વિશ્વના સૌથી મોટા ડ્રગ માફિયા ગણાતા અફઘાન નાગરિક નૂરજહીને યુએસ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. એંસીના દાયકામાં નૂર અફઘાનિસ્તાનની સંસ્થાઓથી લઈને વિશ્વના ઘણા દેશોમાં ડ્રગ્સના કારોબારમાં માસ્ટર હોવાનું કહેવાય છે.

## સોનુ પકડાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

કન્સાઈનમેન્ટને સૌથી પહેલા મહારાષ્ટ્રના ભિવંડી ખાતે ટ્રેક કરવામાં આવ્યું હતું. ટીમે ૧૯મી સપ્ટેમ્બરના રોડ ત્યાંથી ૧૯.૯૩ કિગ્રા સોનું જપ્ત કર્યું હતું જેમાં સોનાના ૧૨૦ બિસ્કિટનો સમાવેશ થતો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં તેનું મૂલ્ય આશરે ૧૦.૨૫ કરોડ રૂપિયા જેટલું આંકવામાં આવ્યું હતું.

ડીઆરઆઈ ભિવંડીવાળા કન્સાઈનમેન્ટની તપાસ કરી રહી હતી તે સમયે કન્સાઈનર દ્વારા અન્ય ૨ કન્સાઈનમેન્ટ્સ મોકલવામાં આવ્યા હોવાની જાણ થઈ હતી. તે બંને કન્સાઈનમેન્ટ મોકલવાનું અને રીસિવ થવાનું લોકેશન એક જ હતું. ત્યાર બાદ ડીઆરઆઈએ તે બંને કન્સાઈનમેન્ટ્સને વચ્ચે જ રોકી લીધા હતા. જેમાં બીજા કન્સાઈનમેન્ટને બિહારમાં અટકાવવામાં આવેલું જ્યારે અન્ય એક કન્સાઈનમેન્ટને દિલ્હીમાં અટકાવીને તમામ માલ જપ્ત કરવામાં આવ્યો છે.

ડીઆરઆઈની તપાસમાં જાણવા મળ્યું છે કે, સોનાની આ ખેપ ઉત્તર પૂર્વના દેશોમાંથી તસ્કરી દ્વારા સૌથી પહેલા મિઝોરમ પહોંચી હતી. ત્યાંથી તેને મુંબઈ મોકલવામાં આવી હતી. આ માટે તસ્કરોએ જાતે જવાના બદલે તેને કુરિયર કરી દીધી હતી. તસ્કરોએ એક નોવેલમાંથી પ્રેરણા મેળવીને સોનાની ખેપને ઠેકાણે પહોંચાડવા કુરિયર કંપનીનો ઉપયોગ કર્યો હતો.

પુરતી ગ્રાન્ટ પણ ફાળવવામાં આવતી નથી જેના લીધે વિવિધ કામો પણ સમયસર હાથ ધરાતા નથી જયારે કોન્ટ્રકટર્સમાં પણ ચુકવણાને લઈને બુમ ઉઠવા પામે છે.

## સુરસુરિયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોમાં પેટાભાડુઆતોનો વસવાટ હોવાનો આક્રોશ નગરજનો ઠાલવી રહ્યા છે. જો કે હાલ આ મામલે તંત્રએ હાથ ધરેલી ઝુંબેશ પણ આટોપી લેવામાં આવી છે. સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસોમાં અનઅધિકૃત કબજો ધરાવતા પેટાભાડુઆતો સંદર્ભે તપાસનો દૌર ચાલુ રાખવા પણ નિર્ણય લેવાયો હતો. પરંતુ હાલમાં પણ આવાસોમાં ૧૦૦ જેટલા કિસ્સામાં અનઅધિકૃત કબજેદારોનો વસવાટ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. અગાઉ

કોરોના કાળ પુર્વે પણ સેકટરોમાં સ્થિત આવાસોમાં નિવૃત બદલી અને અવસાનના કિસ્સામાં પણ આવાસોમાં રહેણાંક ધરાવતા અનઅધિકૃત કબજેદારો સામે ત્વરિત કાર્યવાહી હાથ ધરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે અનઅધિકૃત કબજેદરોના કીસ્સામાં તંત્ર કક્ષાએથી કોર્ટ કેસ પણ દાખલ કરવામાં આવ્યા હતા જો કે કોરોનાના કપરા કાળમાં આખરે વિભાગ દ્વારા આ મામલે મંજુરી આપી દેવાતા આગળ કોઈ કાર્યવાહી થઈ નથી. જયારે સે-૬ માંથી ધ્યાને આવેલા પેટાભાડુઆતોના કીસ્સામાં પણ પુન : તપાસની સુચના આપી દેવામાં આવી છે. જયારે શહેરના સરકારી આવાસોમાં હાલ અનઅધિકૃત કબજેદારોની આકસ્મિક તપાસ હાથ ધરવાની વાત હવા થઈ ગઈ છે.

## ઘુમી શકશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયાર કરવામાં આવી રહ્યુ છે. કોરોના કાળ બાદ બે વર્ષના અંતે ગરબા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આવા સંજોગોમાં ગરબા પ્રેમીઓ સહીત ખૈલેયાઓ પણ નવરાત પર્વની ઉજવણીમાં કોઈ કચાશ ન રહે તે માટે વિશેષ ઉત્સુક બન્યા છે. નવરાત પર્વને અનુલક્ષી હવે માંડ ગણતરીના ચાર પાંચ દિવસો જ બાકી રહ્યા છે. ગરબા પ્રેમીઓમાં અનોખો ઉત્સાહ જોવા મળે છે. સેકટરોની શેરીઓમાં પણ ગરબા મહોત્સવના આયોજનને અનુલક્ષી તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. બીજીતરફ વરસાદી વાયરા વચ્ચે આ વર્ષે ખૈલેયાઓને મેઘરાજા ગમે ત્યારે ટપકે તેવી ચિંતા પણ સતત સતાવી રહી છે. જયારે વરસાદી માહોલમાં મેદાન તૈયાર કરવામાં અત્યાર સુધી આયોજકોને પણ અનેક પ્રકારની હાલાકી વેઠવી પડી છે. આવા સંજોગોમાં સૌ ખૈલેયાઓમાં વરસાદી વિઘ્ન વિના નવરાત પર્વમાં ગરબાની રમઝટ જામે તેવી આશ પ્રબળ બની છે.

# ઓસ્કાર માટે નોમિનેટ થયેલ ફિલ્મ છેલ્લો શોનું ધનસુરા કનેક્શન

ઓસ્કાર ૨૦૨૩ માટે નોમિનેટ થયેલ ફિલ્મ છેલ્લો શો નું ધનસુરા કનેક્શન ધનસુરા ના યુવાન કેયુ શાહ એ સ્ક્રિપ્ટ સુપરવાઈઝર ની જવાબદારી સંભાળી હતી. મૂળ કાઠિયાવાડનાં અને હાલ ફ્રાન્સ માં સ્થિત થયેલ વિશ્વ વિખ્યાત ફિલ્મ મેકર પાન નલિન ની ગુજરાતી ફિલ્મ "છેલ્લો શો" ફિલ્મ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા ૨૦૨૩ ની ભારત ની ઓસ્કાર એન્ટ્રી તરીકે સિલેક્ટ કરવામાં આવી છે.આ ફિલ્મ નાં નિર્માણ માં અરવલ્લી જિલ્લાના ધનસુરા નાં કેયુ શાહ પાયા થી જોડાયેલા રહ્યા હતાં. કેયુ શાહ એ આ ફિલ્મ ના સંવાદો ના અનુવાદ તેમજ સ્ક્રિપ્ટ સુપરવાઈઝર ની જવાબદારી સંભાળી હતી.૨૮ વર્ષિય કેયુ શાહ આ ફિલ્મ ઉપરાંત "હેલ્લારો" મેડ ઈન ચાઈના" ગુજ્જુભાઈ મોસ્ટ વોન્ટેડ" રોંગ સાઈડ રાજુ" સહિત ૧૨ ફિલ્મો માં કામ કરી ચૂક્યા છે.હાલ તેઓ ની લખેલી વેબસિરીઝ "આઝાદ" ઓ.ટી.ટી પ્લેટફોર્મ પર સફળ રીતે ચાલી રહી છે.ગુજરાતી ફિલ્મ જ્યુરી દ્વારા પસંદ કરવામાં આવી હતી. આ કામગીરીને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

અને કવિ આગળ કહે છે,

‘હતું એ હૈયું તો ગહન રસ ગંભીર દરિયો,

અને નૈનો ઊંડા અમરત તણા કૂપ સરખા.’

અરે, કવિ બોટાદકર ની કવિતા... ‘મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ...’ દલપતરામની...

‘હતો હું સૂતો પારણે પુત્ર નાનો’... તો સંત પુનિત ની... ‘ભૂલો ભલે બીજું બધું...’ ચં.ચી.મહેતાના ‘ઈલાકાવ્યો’ -

જો ભાઈ તારે વળી એક બહેન,

ચોરે પચાવે તુજ પાર્ટી પેન."

ખેર, સાહિત્ય એ સમાજનો અરીસો છે... ક્યાં ગયા આ સમાજના લોકો? વૃદ્ધાશ્રમો વધ્યા ફિલ્મો, ધારાવાહિકોમાં નણંદ-ભોજાઈ-સાસુના બેહૂદા ચરિત્રો, ભાઈ બહેન વચ્ચે વર્ષોના અબોલા, કાકા, મામા, ફઈ, માસી ના દીકરા દીકરીઓ વચ્ચે પહેલા જેવા સંબંધો રહ્યા છે ખરા? કદાચ આપણા પારિવારિક સંબંધોની વરવી વાસ્તવિકતાએ કવિઓને પરિવારના સ્વજનો વિશે લખતા-ગાતા અટકાવ્યા કે શું?!!

સ્પર્શમણિ

બગડેલા કેસને સુધારે તે ’વકીલ’ કહેવાય પણ જે કેસને બગાડવા જ ન દે એ ’વડીલ’ કહેવાય...

પ્રામાણિક વ્યક્તિનું મૂલ્ય હોય છે ભ્રષ્ટ વ્યક્તિની કિંમત હોય છે!

તસવીરમાં નહીં પણ તકલીફમાં સાથે દેખાય તે જ આપણા...

-rasikvaland1965@gmail.com
9913426949

## સ-રસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

માધવીના સ્વમાન ઉપર એ જનોઈવઢ ઘા હતો. એણે ફરી ક્યારેય પ્રિયેશનું નામ ન લીધું. શહેરના સારામાં સારા ડોક્ટરને એ મળી. મહિનાઓ સુધી એકધારી દવાઓ લીધી. ઈલાજ કરાવવામાં એણે કોઈ કચાશ ન રાખી. હજી તો રોગની શરૂઆત જ હતી અને માધવીની સાજા થવાની જીદ હતી એટલે રોગ કાબૂમાં આવી ગયો. એક સારા કુટુંબમાંથી એના માટે માંગું આવ્યું અને માધવીએ એમાં સંમતિ પણ આપી દીધી.

સૌથી પહેલી કંકોત્રી એ પ્રિયેશને આપવા માટે કડવાશભરેલા હદયે હોસ્પિટલમાં ડો. પ્રિયેશની કેબિનમાં દાખલ થઈ પણ ત્યાં કોઈ બીજો ડોક્ટર બેઠો હતો. માધવીના મનમાં રહેલી બધી કડવાશ એ નામમાં ઠલવાઈ ગઈ, “ડો. પ્રિયેશ મળશે?” ત્યાં બેઠેલો ડોક્ટર ધીમા સ્વરે બોલ્યો, “એમને મૃત્યુ પામ્યે તો બે મહિના થઈ ગયા. પણ એમની ડાયરી અહીં જ મૂકી ગયા છે અને અહીં જ રાખવાનું કહી ગયા છે. તમે એનાં કોઈ સંબંધી હોવ તો આ વાંચી શકો છો.”

ધ્રૂજતા હાથે ડાયરીનાં પાનાં ફેરવતી માધવીને આંસુભરેલી આંખે પ્રિયેશે લખેલા શબ્દો માંડ વંચાયા, “આજે મને ખબર પડી કે મને બ્લડ કેન્સર છે. માધવી આ જાણશે તો પણ મને ક્યારેય નહીં છોડે, બલ્કે આ જાણ્યા પછી તો નહીં જ છોડે. મારે જ એનાથી દૂર જવાનો રસ્તો શોધવો પડશે. હે ઈશ્વર, એક પ્રાર્થના છે કે મને એની સાથે નિષ્ઠુરતાથી વર્તવાની અને એને જલ્દી સાજા થવાની શક્તિ આપજે કારણકે એનો રોગ શરૂઆતના સ્ટેજમાં છે જ્યારે મારી બીમારી......”

માધવી શૂન્યમનસ્ક નજરે ડાયરીનું ફરફરતું પાનું જોઈ રહી. રોજની જેમ આજે પણ મોડું થઈ ગયું હતું.

## રીસરફેસીંગ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાળવણી તેમજ નવિનીકરણ સહીતનુ કામ હજુ પણ પાટનગર યોજના વિભાગ સંભાળે છે. વરસાદી દિવસો પુરા થવામાં છે ત્યારે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે કોર્પોરેશન કક્ષાએથી આયોજન કરી દેવામાં આવ્યુ છે. નવા સેકટરોમાં ટુંકમાં માર્ગ રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવશે. જયારે પાટનગર યોજના વિભાગ દ્વારા પણ નગરના મુખ્ય ઘ માર્ગનુ બાકી કામ પુર્ણ કરવા માટે નવરાત દરમિયાન કામ શરૂ કરી દેવાશે. ગત વાઈબ્રન્ટ સમિટના આયોજન વેળાએ ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ કરાયુ હતુ જયારે વાઈબ્રન્ટનુ આયોજન પડતુ મુકાતા મુખ્યમાર્ગના રીસરફેસીંગની કામગીરી પણ અપુર્ણ રહી હતી. જેના લીધે ઘ- ૪ થી ઘ- ૭ વચ્ચે માર્ગના રીસરફેસીંગનુ કામ બાકી છે. આગામી દિવસોમાં આ કામગીરી સરકારી પ્લાન્ટના આધારે હાથ ધરાશે આ ઉપરાંત સે-૧૦ અને સે-૧૧ ના આંતરિક માર્ગોના રીસરફેસીંગની કામગીરી પણ બાકી છે. અંદાજિત ૧૪ કી મી ના આંતરિક માર્ગોને પણ ચકાચક બનાવવા માટે નવરાતના અંતે કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરમાં ૫૨૬ કી મી ના રોડ નેટવર્ક પૈકી માત્ર ૭૦ કી મી ના રસ્તાઓની જાળવણીની જવાબદારી જ હવે પાટનગર યોજના વિભાગ હસ્તક છે. અલબત્ત પાટનગર યોજના વિભાગ પાસે રોડ નેટવર્કને અનુલક્ષી માંડ ૧૭ થી ૨૦ ટકા જ કામગીરી રહી છે. આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગને

## ટ્રીમીંગ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજુ સુધી કોઈ કામ હાથ ધરવામાં આવ્યુ નથી ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા પડયા છે. ટાઈલ્સો પણ ઉખડી ગયેલી હાલતમાં છે. જયારે સમસ્યાઓથી ઘેરાયેલી ફુટપાથ પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પણ લાંબા સમયથી દુર થતી નથી ફુટપાથને અનુલક્ષીને પણ વોક વે આસપાસ ટ્રીમીંગ કરવા માટે પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. આમછતા ટ્રીંમીંગનુ કામ થયુ નથી. શહેરમાં વરસાદી દિવસોના અંતે વૃક્ષોની લટકતી ડાળીઓ સેકટરવાસીઓને નડતરરૂપ બની છે. તો બીજીતરફ નમી પડેલા જોખમી વૃક્ષોની સંખ્યા પણ વધી છે.

ઉભા સુકા વૃક્ષો દુર કરવા રહેણાંક વિસ્તારમાથી પણ રજુઆતો થઈ રહી છે. પરંતુ વનતંત્ર લાંબા સમયથી એકશન મોડમાં આવ્યુ નથી. જયારે વન આરક્ષિત વિસ્તારમાં પણ સફાઈ કામ હાથ ધરવામાં આવતુ નથી. વન આરક્ષિત વિસ્તારમાં ગંદકીના થર જામ્યા છે. દબાણો પણ દિનપ્રતિદિન વધી રહ્યા છે.

ત્યારે રહેણાંક વિસ્તાર નજીક સ્થિત વન વિસ્તારમાં પણ યોગ્ય સફાઈ કરવામાં આવે તે અનિવાર્ય હોવાની પણ પ્રબળ માંગ ઉઠળા પામી છે.

## આંદોલન પૂર્ણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સાથે ખાસ ભથ્થુ, સ્પે. પે, રાત્રિ પાળી ભથ્થુ, રાત્રિ રોકાણ ભથ્થુ, આઉટ સ્ટે એલાઉન્સ અને મેળા ભથ્થામાં પણ સુધારો કરવામાં આવ્યો છે. ફિક્સ પગારના કર્મચારીઓને સામેલ પરિશિષ્ટ- બ મુજબ ફિક્સ પગાર ચુકવવા નિર્ણય કરવામાં આવે છે.